# ગુજરાતના સિંચાઇ વિભાગમાં કરોડોનું કૌભાંડ

**ધંધુકા**-વલ્લભીપુરના 400 કરોડના સિંચાઇ પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચારની તપાસની કોંગ્રેસની માંગ

અમદાવાદ : ધંધુકા વિસ્તારના 32 ગામોની આશરે 30 હજાર હેક્ટર જમીનને સિંચાઈનો લાભ પહોંચાડવા માટે સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા હાથ ધરાયેલા વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ અને ભૂગર્ભ પાઈપલાઈન પ્રોજેક્ટમાં 400 કરોડની મોટાપાયે ગેરરીતિ અને ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ પ્રદેશ કોંગ્રેસએ કર્યો છે.

પ્રદેશ કોંગ્રેસના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ મુખ્યમંત્રી અને રાજ્ય વિજિલન્સ કમિશનમાં લેખિત ફરિયાદ કરીને સમગ્ર મામલે પારદર્શક અને ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે.

ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે ધંધુકા વિસ્તારના ૩૨ ગામોની આશરે ૩૦,૦૦૦ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ આપવા સરદાર સરોવર નર્મદા નિગમ (SSNNL) દ્વારા હાથ ધરાયેલ વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ અને ભૂગર્ભ પાઈપલાઈનના કામમાં મોટું કૌભાંડ ઉઘાડું પડ્યું છે. આ કામમાં નબળી ગુણવત્તાની GRP પાઈપોનો ઉપયોગ, અધૂરી કામગીરી અને જાહેર નાણાંની સુનિયોજિત લૂંટનું વધુ એક કૌભાંડ આચરતી ભાજપ સરકારની પોલ ઓડીટ અહેવાલમાં ખુલ્લી પડી છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી અને વિજીલન્સ કમિશનમાં લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

સીએજીના ઓડિટ અહેવાલમાં ગંભીર ગેરરીતિઓ સામે આવી છે. ટેન્ડરની શરતો મુજબ 1600 મિમીથી વધુ વ્યાસની પાઈપો માટે 248 KPA ક્ષમતાની GRP પાઈપો ફરજિયાત હોવા છતાં માત્ર 124 KPA ક્ષમતાની નબળી ગુણવત્તાની પાઈપોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ કારણે અંદાજે રૂ. 47.77 કરોડનું ગેરકાયદે ચૂકવણું કરવામાં આવ્યું હોવાનું ઓડિટમાં નોંધાયું છે.

360 મીટર પાઈપો ન તો પ્રોજેક્ટમાં વાપરવામાં આવી હતી અને ન તો વિભાગમાં જમા કરાવવામાં આવી હતી, છતાં તેના બદલામાં રૂ. 50.33 લાખનું ચૂકવણું કરવામાં આવ્યું હતું. ઉપરાંત, માત્ર 68 ટકા કામગીરી પૂર્ણ થઈ હોવા છતાં 15 જૂન, 2022ના રોજ કામ પૂર્ણ થયાનું કમ્પ્લીશન સર્ટિફિકેટ આપી દેવામાં આવ્યું હતું, જ્યારે આશરે રૂ. 25.34 કરોડનું કામ અધૂરું રહ્યું હતું.

ડૉ. મનીષ દોશીએ વધુમાં કહ્યું હતુ કે વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ હેઠળના અન્ય સાત UGPL પેકેજોમાં પણ સમાન પ્રકારની ગેરરીતિઓ થઈ હોવાની શંકા છે. આ ગેરરીતિઓના કારણે ધંધુકા વિસ્તારના હજારો ખેડૂતોને સમયસર સિંચાઈનું પાણી મળવાના બદલે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. નબળી ગુણવત્તાની પાઈપો અને અધૂરી કામગીરીના કારણે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવાની તેમજ પાણી ન પહોંચવાની સમસ્યાઓ ઉભી થઈ હોવાનું પણ કોંગ્રેસે જણાવ્યું છે.

રાજ્ય સરકાર સમક્ષ મુખ્ય માંગણીઓમાં વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ હેઠળના તમામ UGPL કામોની સ્વતંત્ર ઉચ્ચસ્તરીય તપાસ, 124 KPA અને 248 KPA પાઈપોની સ્થળ પર ભૌતિક ચકાસણી અને ટેસ્ટ રિપોર્ટ જાહેર કરવા, સંડોવાયેલા અધિકારીઓને સંવેદનશીલ હોદ્દાઓ પરથી દૂર કરવા, રૂ. 47.77 કરોડ અને રૂ. 50.33 લાખની વસૂલાત કરવા તેમજ અધૂરા કામ છતાં પૂર્ણતા પ્રમાણપત્ર આપનાર અધિકારીઓ અને સંબંધિત કોન્ટ્રાક્ટરો સામે શિસ્તભંગ અને ફોજદારી કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### CAGના અહેવાલમાં આવેલી ગંભીર ક્ષતિ

(1) ટેન્ડરની શરત પ્રમાણે 248 KPA ક્ષમતાની GRP પાઈપો વાપરવી ફરજિયાત હતી છતાં 124 KPA ક્ષમતાની નબળી ગુણવત્તાની પાઈપોનો ઉપયોગ કરાયો
(2) 360 મીટર પાઈપો ન તો પ્રોજેક્ટમાં વાપરવામાં આવી હતી અને ન તો વિભાગમાં જમા કરાવવામાં આવી હતી, છતાં તેના બદલામાં રૂ. 50.33 લાખનું ચૂકવણું કરવામાં આવ્યું હતું. (3) 68 ટકા કામગીરી પૂર્ણ થઈ હોવા છતાં 15 જૂન, 2022ના રોજ કામ પૂર્ણ થયાનું કમ્પ્લીશન સર્ટિફિકેટ આપી દેવામાં આવ્યું હતું, જ્યારે આશરે રૂ. 25.34 કરોડનું કામ અધૂરૂં રહ્યું હતું.

### સુરતમાં ગણેશોત્સવની અત્યારથી જ તૈયારી



■ હજી અષાઢ પત્યો નથી તે પહેલા જ સુરતમાં ભાદરવામાં આવતા ગણેશોત્સવની ધૂમ અત્યારથી જ જોવા મળી રહી છે. અહીં મૂર્તિઓની મોટી માંગ રહેતી હોવાથી કારીગરો તેને તૈયાર કરવામાં વ્યસ્ત છે. **(તસવીર : સતીષ જાદવ)**

# પલસાણામાંથી ૪ કરોડથી વધુના પોસડોડા ઝડપાયા

**ચોખાની** પાપડીની આડમાં માદક પદાર્થ ઘુસાડવામાં આવતો હતો

**સુરત** ગ્રામ્ય એલસીબીએ ડ્રાઇવરને ઝડપી લીધો

પલસાણા : સુરત ગ્રામ્ય એલસીબી દ્વારા ડ્રગ્સની હેરાફેરી કરતા આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. મુંબઈ-દિલ્હી નેશનલ એક્સપ્રેસ-વે પરથી એક આઈશર ટ્રકમાં ચોખાની પાપડીની આડમાં સંતાડીને લઈ જવાતો ૨૫૦૨ કિલોથી વધુનો પ્રતિબંધિત માદક પદાર્થ 'પોસડોડા'નો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે ડ્રગ્સ અને વાહન સહિત કુલ ૪ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી છે.

પોલીસને ખાનગી બાતમી મળી હતી કે એક આઈશર ટ્રકમાં ગેરકાયદેસર રીતે પોસડોડાનો જથ્થો છુપાવીને મુંબઈથી દિલ્હી જતા નેશનલ એક્સપ્રેસ-વે નંબર-૪ પરથી પસાર થવાનો છે. આ માહિતીના આધારે પોલીસે તુંડી ગામની હદમાં વોચ ગોઠવીને શંકાસ્પદ ટ્રકને અટકાવી હતી. ટ્રકમાં તપાસ કરતા ચોખાની પાપડીની થેલીઓની પાછળ સંતાડેલો ૨૫૦૨.૭૭૫ કિલોગ્રામ પોસડોડાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી ડ્રાઈવર સુનીલ ભવરલાલ બિશ્નોઈ (રહે. જોધપુર, રાજસ્થાન)ની ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આ માદક પદાર્થ મધ્યપ્રદેશના રતલામથી ભરીને રાજસ્થાનના જોધપુર ખાતે પહોંચાડવાનો હતો. વોન્ટેડ આરોપી સુમેરરામ દેવરામ બિશ્નોઈએ આ જથ્થો મોકલ્યો હતો. પોલીસે આ કેસમાં કુલ રૂપિયા રૂ. ૪,૦૪,૨૮,૮૨૫ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે. હાલમાં આ ગુનામાં સંડોવાયેલા મુખ્ય સૂત્રધાર અને માલ ભરાવનાર સહિત અન્ય વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા માટે આગળની કાયદેસરની કાર્યવાહી પલસાણા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી છે.

### પોલીસે કબજે કરેલો મુદ્દામાલ

» રૂ. ૩,૭૫,૪૧,૬૨૫ ની કિંમતનો માદક પદાર્થ » રૂ. ૨૫ લાખની કિંમતની આઈશર ટ્રક » રૂ. ૩.૭૫ લાખની ચોખાની પાપડીની » રૂ. ૧૫૦ બેગ, મોબાઈલ અને રોકડ સહિત કુલ

### ડ્રાઈવરને એક ટ્રીપના ૭૦ હજાર આપવાના હતા

પોલીસથી બચવા માટે આ નેટવર્કના સાગરીતો મધ્યપ્રદેશથી નીકળી મહારાષ્ટ્રના નવાપુર થઈને ગુજરાતમાં પ્રવેશ્યા હતા અને એક્સપ્રેસ-વે મારફતે રાજસ્થાન જવાની ફિરાકમાં હતા. પોલીસના હાથે ઝડપાયેલા ડ્રાઇવર સુનીલ ભવરલાલ બિશ્નોઈએ કબૂલાત કરી હતી કે તેને એક ટ્રીપ માટેના ૭૦ હજાર રૂપિયા મળવાના હતાં.

# પેરા મેડિકલ કોર્સમાં 34,741 વિદ્યાર્થીનો મેરિટમાં સમાવેશ

**બી.એસસી** નર્સિંગ સહિતના વિવિધ પેરા મેડિકલ કોર્સની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ

અમદાવાદ : રાજ્યમાં બી.એસસી નર્સિંગ સહિતના વિવિધ પેરા મેડિકલ કોર્સમાં પ્રવેશ માટેની ઓનલાઈન નોંધણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આજે પ્રવેશ સમિતિ દ્વારા મેરીટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. જાહેર કરાયેલા મેરીટ લિસ્ટમાં કુલ 34,741 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જ્યારે 2,526 વિદ્યાર્થીઓનો મેરીટમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. પ્રવેશ સમિતિના જણાવ્યા પ્રમાણે 1 ઓગસ્ટ, 2026 સુધી બી.એસસી નર્સિંગ, બી. ફિઝિયોથેરાપી, જી.એન.એમ., એ.એન.એમ., ઓપ્ટોમેટ્રી, ઓક્યુપેશનલ થેરાપી, ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ, બી.એ.એસ.એલ.પી. તેમજ નેચરોપથી કોર્સ માટે ઓનલાઈન પીન વેચાણ, નોંધણી અને દસ્તાવેજ ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ 37,721 પીનનું વેચાણ થયું હતું. તેમાંથી 37,267 વિદ્યાર્થીઓએ ઓનલાઈન નોંધણી કરાવી હતી, જ્યારે 35,651 વિદ્યાર્થીઓના દસ્તાવેજોની ચકાસણી પૂર્ણ કરવામાં આવી હતી.

રાજ્યની કુલ 1,165 સંસ્થાઓમાં 56,754 બેઠકો ઉપલબ્ધ હોવાથી મેરીટમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને આગામી તબક્કામાં પસંદગીના કોર્સ અને સંસ્થામાં પ્રવેશ મેળવવાની તક મળશે.

### મેરિટમાં આટલા વિદ્યાર્થીનો સમાવેશ

| | |
|---|---|
| EWS | 8,828, માં 1,165 |
| SC | 4,526 |
| ST | 2,745 |
| SEBC | 14,378 |

# પુણામાં સાવકા પિતાએ 14 વર્ષની પુત્રીને ગર્ભવતી બનાવી દીધી

**આઠ** મહિનાથી નરાધમ પિતા ધમકી આપી સગીરાનું શારીરિક શોષણ કરતો હતો

**32 સપ્તાહનો** ગર્ભ રહેતા પાપ પ્રકાશમાં આવતાં પોલીસ ફરિયાદ

સુરતઃ શહેરના પુણા વિસ્તારમાં માનવતાને શરમાવે અને પવિત્ર બાપ-દીકરીના સંબંધને કલંકિત કરે તેવી અત્યંત કાળજું કંપાવી દેનારી ઘટના સામે આવી છે. લોહીના સંબંધને લજવતાં એક સાવકા પિતાએ પોતાની જ 14 વર્ષીય માસૂમ દીકરી પર દાનત બગાડીને અવારનવાર બળાત્કાર ગુજાર્યો હતો. આ સતત યૌન શોષણના કારણે માસૂમ સગીરા ગર્ભવતી બની જતાં સમગ્ર પાપનો ભાંડો ફૂટ્યો છે. બનાવ અંગે પુણા પોલીસે નરાધમ સાવકા પિતા સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પુણા વિસ્તારમાં પરિવાર સાથે રહેતી 14 વર્ષ અને 4 મહિનાની સગીરા પર તેના જ 38 વર્ષીય સાવકા પિતાની દાનત બગડી હતી.નરાધમ પિતા છેલ્લા આઠેક મહિનાના સમયગાળા દરમિયાન ઘરે કોઈ ન હોય ત્યારે અથવા સગીરાને ધાક-ધમકી આપીને તેની સાથે અવારનવાર બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધતો હતો. પિતાના ડરના કારણે સગીરાએ શરૂઆતમાં કોઈને કશું કહ્યું ન હતું, પરંતુ આ સતત આચરવામાં આવતા યૌન શોષણના લીધે તેની શારીરિક સ્થિતિમાં બદલાવ આવ્યો હતો.દરમિયાન સગીરાની તબિયત બગડતાં અને તપાસ કરાવતાં તે ગર્ભવતી હોવાનું માલૂમ પડ્યું હતું. મેડિકલ તપાસમાં સગીરાને 32 સપ્તાહ અને 4 દિવસનો ગર્ભ હોવાનું બહાર આવતાં જ પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી.

પરિવારે જ્યારે પ્રેમથી સગીરાની પૂછપરછ કરી ત્યારે તેણે પોતાના સાવકા પિતાની હેવાનિયતની કાળી કરતૂત વર્ણી આપી હતી. પોતાના જ ઘરમાં દીકરી સુરક્ષિત ન હોવાનું ભયાનક સત્ય સામે આવતાં જ પરિવારે તાત્કાલિક પુણા પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો. પુણા પોલીસે પીડિત સગીરાની માતાની ફરિયાદના આધારે નરાધમ સાવકા પિતા વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે.

# એનાલોગ પનીર-ચીઝ પર પ્રતિબંધ બાદ રાજ્યવ્યાપી દરોડા

**134 એકમમાંથી**, 1,053 કિલો જથ્થો નાશ કરાયો

ગાંધીનગર : રાજ્ય સરકાર દ્વારા એનાલોગ પનીર, ચીઝ અને બટર પર પ્રતિબંધ મૂક્યા બાદ રાજ્યભરમાં ખાદ્ય સુરક્ષા વિભાગે સઘન ચેકિંગ ઝુંબેશ શરૂ કરી છે. અત્યાર સુધીમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં 134 વેપારી અને ઉત્પાદક એકમોમાં તપાસ હાથ ધરી રૂ. 2.82 લાખની કિંમતનો અંદાજે 1,053 કિલોગ્રામ શંકાસ્પદ એનાલોગ ખાદ્ય જથ્થો જપ્ત કરીને સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો છે, જ્યારે 29 નમૂનાઓ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા તત્વો સામે રાજ્ય સરકાર કોઈપણ પ્રકારની ઢીલ રાખશે નહીં. ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરનારા લોકો સીધા ગુનેગાર છે અને તેમની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. આવી ગેરરીતિઓ પર નિયંત્રણ લાવવા માટે રાજ્ય સરકાર સ્પે. ટાસ્ક ફોર્સની રચના કરશે.

ગાંધીનગર મનપાના ફૂડ વિભાગે પણ વિવિધ હોટલો અને રેસ્ટોરન્ટોમાં ચેકિંગ શરૂ કર્યું છે. આ ઝુંબેશ દરમિયાન કુડાસણ વિસ્તારની ટેરાકોટા રેસ્ટોરન્ટ અને પીઝા હટ સહિતના એકમોમાંથી પનીર, ચીઝ અને બટરના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. શંકાસ્પદ લાગેલા કેટલાક નમૂનાઓને વધુ વૈજ્ઞાનિક પરીક્ષણ માટે પ્રયોગશાળામાં મોકલી આપવામાં આવ્યા છે. લેબોરેટરીના રીપોર્ટ આવ્યા બાદ તે આધારે જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. આગામી દિવસોમાં પણ સમગ્ર રાજ્યમાં ચેકિંગ અને દરોડાની કાર્યવાહી વધુ સઘન બનાવવામાં આવશે.

# કાંઠા સુગરના કૌભાંડી સામે તપાસ નહીં થાય તો આંદોલન

**જશવંતભાઈ** પટેલે જિલ્લા પોલીસ વડાને લેખિત ફરિયાદ કરી

સુરતઃ ઓલપાડ તાલુકાના સરસ ગામ સ્થિત શ્રી કાંઠા વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ.માં એન.સી.ડી.સી. (NCDC) લોન, ખાતર, બિયારણ અને અન્ય નાણાકીય વ્યવહારોમાં કરોડો રૂપિયાની ગેરરીતિઓ થયાનો આક્ષેપ કરી ખેડૂત સભાસદ જશવંતભાઈ ડાહ્યાભાઈ પટેલે સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆત કરી ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે મંડળીના ભૂતપૂર્વ પ્રમુખ, કેટલાક ડિરેક્ટરો તથા જવાબદાર હોદ્દેદારો દ્વારા સભાસદો અને ખેડૂતોના હિતોને નુકસાન પહોંચે તે રીતે મંડળીના નાણાંનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો છે. એન.સી.ડી.સી. લોનના ઉપયોગ, ખાતર-બિયારણના વ્યવહારો અને અન્ય નાણાકીય લેવડદેવડમાં નિયમોનું ઉલ્લંઘન કરી કરોડો રૂપિયાની ગેરરીતિ આચરાઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે અગાઉ પોલીસ ફરિયાદો અને કાયદેસરની કાર્યવાહી છતાં કેટલાક જવાબદારો સામે પૂરતી કાર્યવાહી થઈ નથી અને ગુના નોંધાયેલા હોવા છતાં તેમની ધરપકડ કરવામાં આવી નથી. જેના કારણે ખેડૂતો અને હજારો સભાસદોમાં ભારે અસંતોષ ફેલાયો છે. સહકારી સંસ્થાઓમાં પારદર્શિતા અને જવાબદારી જળવાય તે માટે આ મામલે તાત્કાલિક કાર્યવાહી જરૂરી છે. જો યોગ્ય સમયમર્યાદામાં અસરકારક પગલાં લેવામાં નહીં આવે તો ખેડૂતો, સભાસદો અને સહકારપ્રેમી નાગરિકોને સાથે રાખી લોકશાહી ઢબે વ્યાપક આંદોલન છેડવામાં આવશે.

### સુરત જિલ્લા પોલીસ અધિક્ષક સમક્ષ આ માંગણી કરાઇ

(1) સમગ્ર મામલાની સ્વતંત્ર અને નિષ્પક્ષ ઉચ્ચસ્તરીય તપાસ કરવામાં આવે.
(2) કૌભાંડમાં સંડોવાયેલા તમામ જવાબદાર વ્યક્તિઓની ભૂમિકા તપાસી કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.
(3) ગુનામાં સંડોવાયેલા વોન્ટેડ પૂર્વ ડિરેક્ટર એવા આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે.
4 )મંડળીના નાણાંની સંપૂર્ણ ફોરેન્સિક ઓડિટ કરવામાં આવે.
(5 )ખેડૂતો અને સભાસદોને થયેલ નુકસાનની વસુલાત જવાબદાર વ્યક્તિઓ પાસેથી કરવામાં આવે.
( 6 )તપાસ દરમિયાન કોઈપણ પ્રકારનું રાજકીય અથવા પ્રભાવશાળી દબાણ સ્વીકારવામાં ન આવે.

# હાડકા-સાંધા-સ્નાયુઓના હઠીલા દર્દ માટે ટેબ ક્લિનિકની સારવાર અકસીર સાબિત થઈ રહી છે

સુરતઃ હાડકા-સાંધા-સ્નાયુઓના હઠીલા દર્દોના એક માત્ર ઉપચાર તરીકે નાનપુરામાં આવેલા ટેબ ક્લિનિકની સારવાર લોકપ્રિય થઈ રહી છે. હાડકા-સાંધા-સ્નાયુ તેમજ મણકાના દુઃખાવાઓમાં આયુર્વેદ વધુ લોકપ્રિય થઈ રહ્યું છે. વધુ અને વધુ લોકો આયુર્વેદને પસંદ કરી રહ્યા છે. કારણ કે આયુર્વેદ એ પ્રાકૃતિક અને રાંપૂર્ણ ઉપચાર પ્રણાલી છે. આયુર્વેદ ફકત લક્ષણો જ નહીં તેના મૂળ કારણોને ટાર્ગેટ કરે છે. આથી લાંબા ગાળાના પરિણામો મળે છે. ટેબ કિલનીકસમાં આયુર્વેદમાં જણાવેલા દરેક પાસાઓનું નિરીક્ષણ કરીને, લાંબા સમયના રિસર્ચ પછી વિકસાવેલી સારવાર પધ્ધતિથી દર્દીને સંપૂર્ણ રીતે સાજા કરવામાં આવે છે. ટેબ ક્લિનિકમાં આવનાર મોટાભાગના દર્દીઓ અનેક પ્રકારની સારવાર કરીને થાકી હારીને અંતે આખરી ઉપાય અજમાવવા આવતાં હોય છે. ત્યાં સુધીમાં તેમનો દુઃખાવો, સોજો અને જકડાહટ ખુબ વધી ગયા હોય છે. ટેબની સારવાર માત્ર લક્ષણો મટાડવાના બદલે સાંધાઓને અંદરથી રીપેર કરે છે આથી સાંધાઓની વચ્ચે રહેલ ગાદી તથા સાઈનોવીરાલ ફ્લ્યુડ ફરી બનવાનું ચાલુ થાય છે અને સાંધાઓ રીજનરેટ થાય છે. આથી દર્દી જમીન પર પલાંઠી વાળીને બેસી શકે છે. દાદરા ચડ-ઉત્તર કરી શકે છે. પોતાનું દરેક કામ પોતે જાતે સ્વતંત્રપણે કરી શકે છે. ટેબ કિલનીકસમાં ૯ વર્ષના બાળકથી લઈને ૯૦ વર્ષના વૃધ્ધ વ્યકિતઓ સાજા થયા છે. અન્ય દવાઓ નિયમિત ચાલુ રાખીને ટેબ ક્લિનિકની ઔષધીઓ લઈ શકાય છે. વળી, OPD બેઈઝ પર સારવાર થતી હોવાથી દર્દીને દાખલ થવાની બિલકુલ જરૂરત નથી. બલ્કે દર્દી પોતાનું રોજીંદુ કામકાજ કરતાં-કરતાં સારવાર કરી શકે છે. ટેબ કિલનીકસ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી અને રવિવારે પણ રાબેતા મુજબ ખુલ્લું રહે છે.

### સુડોકુ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | | | | ૪ | ૯ |
| | ૩ | | | | ૬ | | ૭ | |
| | ૧ | | | ૨ | ૯ | ૬ | ૮ | ૫ |
| | | | ૯ | ૬ | | | ૩ | |
| ૭ | | ૬ | | | ૪ | | ૫ | ૧ |
| ૩ | | | ૭ | ૮ | | | ૨ | |
| ૨ | | ૪ | ૧ | ૫ | | | | ૩ |
| ૧ | | | ૪ | | | ૫ | ૬ | |
| | ૫ | | | ૭ | | ૨ | | |

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**ઉનવા, મૂત્રકૃચ્છ**

વારંવવાર પેશાબ લાગે, અટકીને પેશાબ થાય. ત્રિફલા 3 ભાગ, કમળ કકડી એક ભાગ, સિંધવ એક ભાગ લઈ ચૂર્ણ કરી ભરી રાખો. રોજ ત્રણ ગ્રામ, દિવસમાં ત્રણ વાર હુંફાળા પાણીમાં લો.

### આજનું પંચાંગ

**તા. 07/08/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : અષાઢ
**તિથિ:** વદ : નોમ: 16:38
**અયન** : દક્ષિણાયન **ઋતુ** : વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક** : શ્રાવણ: 16
**યોગ** : વૃધ્ધિ **કરણ:** વણિજ
**નક્ષત્ર** : કૃતિકા: 18:44
**રાશિ:** વૃષભ (બ, વ, ઊ)
**દિવસ** : મિશ્ર
**સુરતમાં સૂર્યોદય** : 06:16 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:13
**નવકારસી** : 07:04
**પારસી વર્ષ** : 1395 સ્પેન્દારમદ માસનો 28મો રોજ
**મુસલમાન વર્ષ** : 1448 સફર માસનો 23મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુકાળ:** સવારે : 10:30 થી 12:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** વાણી પર કાબુ રાખવો અને નિર્ણય લેવામાં ધીરજ રાખવી. બીનજરૂરી ખર્ચાથી બચવુ. આવક વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** કુટુંબ પરિવારમાં તાલમેળથી સામાજીક કામ થાય. નોકરીમાં પ્રમોશન અને કુટુંબીક કામમાં સફળતા મળે.

**મિથુન (ક,છ,ઘ,):** ગુપ્ત ભય સતાવે. સંતાનોથી અશાંતિ પેદાથી ખર્ચા વધશે. કોર્ટ કચેરીમાં સાવધાન રહેવુ. જીવન સાથીનો સાથ મળે.

**કર્ક (ડ,હ,):** નવાં સંબંધો બને. મિત્રોનો સાથ મળવાથી સમાજ અને સંતાનોના કામ થાય. પ્રેમમાં ધીરજ રાખવી. આવક વધશે.

**સિંહ (મ,ટ,):** આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. વેપાર ધંધામાં વડીલોનો સાથ મળે. નવો કામ મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** પિતા સાથે ઘર્ષણ થાય. સરકારી કામમાં ધીરજ રાખવી. કાયદા કાનુન બાબતે મદદ મળી શકે.

**તુલા (ર,ત,):** નોકરીમાં કોઈની વાતોમાં આવવુ નહી. ચોર-લૂંટારૂથી સાવધાન રહેવું. આગ-પાણી અકસ્માતથી સાવધાન.

**વૃશ્ચિક (ન,ય,):** પારીવારિક કામનો બોજ અને નોકરીની દોડધામ વધશે. આરોગ્ય સુધરે. કોર્ટ કચેરીમાં સફળતા મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઉપરીવર્ગ સાથે ઘર્ષણ થાય. કોઈની જમાનત લેવી નહી. આત્મવિશ્વાસ વધશે. સરકારી કામમાં પ્રગતિ થાય.

**મકર (ખ,જ,):** સમાજીક પ્રતિષ્ઠા વધે. મિત્રોની મદદ મળે. પ્રેમમાં સાથ મળે. નવા રોકાણથી લાભ થાય. શુભ સમાચાર મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નોકરીમાં મદદથી રાહત થાય. ઊપરી વર્ગનો સાથ મળવાથી નવી તક ઊભી થાય. બહારના કામ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** શુભ સમાચાર મળે. આત્મવિશ્વાસ વધશે. નોકરીમાં પ્રમોશન મળે. વિદ્યાર્થીઓને મદદ મળે.

### કોઈ પણ સાલમાં 07 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહ વધારનાર રહેશે. નોકરી-ધંધામાં નવા ફેરફાર ટેકનોલોજીથી અનુકુળતા વધે. આર્થિક બાબતે પ્રગતિ થાય. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. સમાજમાં માન વધે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. આરોગ્ય સામાન્ય રહે. સરકારી, કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. અટકેલા કામ પાર પડે. ઉંમર લાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહનો પપ્રસ્તાવ આવે. વેપાર ધંધામાં આવક વધારવાની યોજના પાર પડે. નવા ઘર, વાહન, મકાનની યોજના સફળ બને. વિદેશના કામ થાય. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. વારસા, જાયદાત, જમીન જેવા કામ પાર પડશે. મિત્રો-વડીલોની મદદ મળતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઈ, સોમ-ગુરુવાર, 7,16, 25 તારીખે નવા કામ કરવા સફેદ, ગુલાબી, રંગનો ઉપયોગ વધારવો. ઓગસ્ટ-સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 05,14,23 તારીખે નવાં કામ ટાળવો, લીલો-લાલ રંગ વાપરવાનું ટાળવું. કેતુ અને ચંદ્રના ઉપાય કરતા રહેવું.

# ડ્રગ્સ માફિયાઓ સામે પોલીસનો આર્થિક પ્રહાર

**કચ્છમાં** કુખ્યાત પેડલરની રૂ. 22.31 લાખની મિલકત જપ્ત

**SAFEMA** હેઠળ મિલકત જપ્ત કરાવવાનો પૂર્વ કચ્છ પોલીસનો રાજ્યમાં પ્રથમ સફળ કેસ

ગાંધીનગર : રાજ્યમાં ડ્રગ્સના નેટવર્કને જડમૂળથી નાબૂદ કરવા ગુજરાત પોલીસે હવે માત્ર નશીલા પદાર્થોની જપ્તી અને આરોપીઓની ધરપકડ પૂરતી કાર્યવાહી સુધી મર્યાદિત ન રહી, પરંતુ ડ્રગ્સના કાળા કારોબારમાંથી ઉભી કરાયેલી સંપત્તિ પર પણ સીધો પ્રહાર શરૂ કર્યો છે. આ અભિયાન હેઠળ પૂર્વ કચ્છ પોલીસે કુખ્યાત ડ્રગ પેડલર પિંટુ વેદાનંદ ઉર્ફે બેદાનંદ યાદવની રૂ. 22.31 લાખની મિલકત 'સ્મગલરો અને વિદેશી વિનિમય હેરફેર કરનારાઓ (સંપત્તિ જપ્તી) અધિનિયમ, 1976'

(SAFEMA) હેઠળ જપ્ત કરાવી રાજ્યમાં નવો દાખલો સ્થાપ્યો છે.

રાજ્યના યુવાધનને નશાના દૂષણથી બચાવવા અને ડ્રગ્સના ગેરકાયદે વેપારને સંપૂર્ણપણે ખતમ કરવા માટે ગુજરાત પોલીસે આક્રમક વ્યૂહરચના અમલમાં મૂકી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન અને રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકના નિર્દેશ હેઠળ હવે ડ્રગ્સના ગુનેગારોની ગેરકાયદે કમાણીથી ઉભી કરાયેલી સ્થાવર અને જંગમ મિલકતોને કાયદાકીય પ્રક્રિયા દ્વારા જપ્ત કરવામાં આવી રહી છે. આ માટે SAFEMA અને નશીલા દ્રવ્યો વિરોધી ધારો (NDPS) કાયદાની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરીને ગુનેગારોના આર્થિક નેટવર્કને તોડી પાડવાનો અભિગમ અપનાવવામાં આવ્યો છે.

આ ઝુંબેશના ભાગરૂપે પૂર્વ કચ્છ પોલીસની એસઓજી ટીમે ડ્રગ્સના અનેક ગુનાઓમાં સંડોવાયેલા પિંટુ યાદવ સામે મજબૂત પુરાવાઓ સાથે કેસ તૈયાર કરી SAFEMA કોમ્પિટન્ટ ઓથોરિટી, મુંબઈ સમક્ષ રજૂ કર્યો હતો. કેસની સુનાવણી બાદ આરોપીની મિલકત જપ્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. છેલ્લા ત્રણ વર્ષમાં સમગ્ર ગુજરાતમાં ડ્રગ્સ કેસમાં SAFEMA હેઠળ મિલકત જપ્ત કરાવવાની આ પ્રથમ સફળ કાર્યવાહી હોવાનું પોલીસ તંત્રએ જણાવ્યું છે.

તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આરોપીએ ડ્રગ્સના કાળા કારોબારમાંથી મેળવેલી આવકથી પોતાના તથા પત્નીના નામે ગાંધીધામમાં અંદાજે રૂ. 15 લાખનું મકાન અને ત્રણ વાહનો સહિત કુલ રૂ. 22.31 લાખની મિલકત ઉભી કરી હતી. પૂર્વ કચ્છ પોલીસે આ તમામ મિલકત કાયદેસરની કાર્યવાહી બાદ જપ્ત કરી છે.

ગુજરાત પોલીસનું માનવું છે કે ડ્રગ્સના ગુનેગારોને માત્ર જેલમાં મોકલવાથી નેટવર્ક તૂટતું નથી, પરંતુ તેમની ગેરકાયદે સંપત્તિ જપ્ત કરવાથી તેમની આર્થિક કમર તૂટી જાય છે અને આવા ગુનાઓ માટેનું પ્રોત્સાહન પણ ઘટે છે. કચ્છમાં થયેલી આ કાર્યવાહીથી રાજ્યભરના ડ્રગ્સ માફિયાઓને કડક સંદેશ મળ્યો છે કે નશાના કારોબારમાંથી ઉભી કરાયેલી કોઈપણ સંપત્તિ હવે કાયદાના દાયરાથી બચી શકશે નહીં.